# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્જેન્ટિનાની મુલાકાત દરમિયાન મહાન સ્વાતંત્ર્ય સેનાની જોશ ડે સૈન માર્ટિનની પ્રતિમાને શ્રદ્ધાંજલી અર્પી
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આર્જેન્ટિના પછી બ્રાઝિલ જવા રવાના થશે – બ્રિક્સ સમીટમાં હાજરી આપશે.
3) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે ગુજરાતના આણંદમાં ત્રિભુવન સહકારિતા વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ કર્યો
4) વિશ્વ બેંકે ભારતને વિશ્વના સૌથી સમાનતાવાદી દેશોમાં સ્થાન આપ્યું
5) અમેરિકાએ ભાગેડુ આર્થિક ગુનેગાર નીરવ મોદીના ભાઈ નેહલ મોદીની ધરપકડ કરી
6) ભારતના અનાહત સિંહે સ્ક્વોશની ફાઇનલમાં એશિયન અંડર-19 સ્ક્વોશ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM Argentina

ત્રિનિદાદ અને ટોબેગોની સફળ મુલાકાત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે પાંચ દેશોની મુલાકાતના ત્રીજા તબક્કામાં આર્જેન્ટિનાની રાજધાની બ્યુનોસ એરેસ પહોંચ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આર્જેન્ટિનાના મહાન સ્વાતંત્ર્ય સેનાની અને રાષ્ટ્રીય નાયક જનરલ જોશ ડે સૈન માર્ટીનની પ્રતિમાને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી.

મુલાકાતનો ઉદ્દેશ્ય ગ્લોબલ સાઉથ સાથે ભારતના સંબંધોને મજબૂત બનાવવાનો છે. બ્યુનોસ એરેસ પહોંચતા ભારતીય સમુદાય દ્વારા પ્રધાનમંત્રી મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે પ્રધાનમંત્રી વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા અને સહયોગના માર્ગો ખોલવા માટે આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જાવિયર માઇલી સાથે વાતચીત કરશે. આ વાતચીત મુખ્યત્વે મહત્વપૂર્ણ ખનિજોમાં સહયોગ અને ઉર્જા સુરક્ષા જેવા વિષયો પર કેન્દ્રિત થવાની સંભાવના છે.

. . . . . . . . . .

# PM - Brazil Visit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આર્જેન્ટિના પછી બ્રાઝિલ જવા રવાના થશે. શ્રી મોદી આવતીકાલે બ્રિક્સ સમિટમાં હાજરી આપશે. બે દિવસીય સમિટ ઉપરાંત, શ્રી મોદી બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા

અને અન્ય વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરશે. પ્રધાનમંત્રી એક બિઝનેસ ફોરમ તેમજ ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગના પ્રતિનિધિઓને પણ સંબોધિત કરશે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.....

(વોઇસકાસ્ટ-સુધીન્દ્ર)

. . . . . . . . . . .

# AMIT SHAH-SAHKARITA UNIVERSITY

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદમાં ત્રિભુવન સહકારિતા વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે શ્રી શાહે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે 60 નવી પહેલ અમલમાં મૂકવામાં આવી છે. શ્રી શાહે કહ્યું, આ વિશ્વવિદ્યાલય 125 એકરમાં 500 કરોડ રૂપિયાના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે. તેમણે ઉમેર્યું દેશમાં 40 લાખ કર્મચારીઓ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે.

(બાઇટ: અમિત શાહ, કેન્દ્રીય સહકાર મંત્રી)

શ્રી શાહે ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવાનું પ્રેરક સૂચન કર્યું. શ્રી શાહે સહકાર મંત્રાલયની સ્થાપનાને ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીથી સમગ્ર દેશમાં નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે.

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહ, શ્રી પટેલ સહિતના મહાનુભાવો દ્વારા NCERTના સહકારિતાના પાઠ્યપુસ્કતના બે મોડ્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# World Bank - India

વિશ્વ બેંકે ભારતને વિશ્વના સૌથી સમાનતાવાદી દેશોમાં સ્થાન આપ્યું છે. વિશ્વ બેંક અનુસાર, ભારતનો ગિની સૂચકાંક 25.5 છે, જે તેને આર્થિક દૃષ્ટિકોણથી વિશ્વનો ચોથો સૌથી સમાનતાવાદી દેશ બનાવે છે. પ્રથમ ત્રણ દેશો સ્લોવાક રિપબ્લિક, સ્લોવેનિયા અને બેલારુસ છે. ગિની સૂચકાંક દર્શાવે છે કે દેશમાં લોકોમાં આવક, સંપત્તિ અને વપરાશ કેવી રીતે સમાન રીતે વહેંચવામાં આવે છે.

ભારતને મધ્યમ અસમાન શ્રેણીમાં મૂકવામાં આવ્યું છે, જેમાં ગિની સૂચકાંક 25 અને 30 ની વચ્ચે છે.

ભારત ઓછી અસમાનતા શ્રેણીમાં સ્થાન મેળવવાથી થોડા પગલાં દૂર છે. આ શ્રેણીમાં સ્લોવાક રિપબ્લિક જેવા દેશોનો સમાવેશ થાય છે જેમનો ગિની સૂચકાંક 24.1 છે, સ્લોવેનિયા 24.3 છે અને બેલારુસ 24.4

છે. આ ત્રણ સિવાય, ભારતનો સૂચકાંક વિશ્વ બેંકે જે 167 દેશો માટે ડેટા જાહેર કર્યો છે તેના કરતાં વધુ સારો છે.

ભારતનો ગિની ઇન્ડેક્સ ચીનના ૩૫.૭ કરતા ઘણો ઓછો અને અમેરિકાના ૪૧.૮ કરતા ઘણો ઓછો છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# Birla-IPF Conference

નવી દિલ્હીમાં આજે ઈનોવેટિવ ફિઝિશિયન્સ ફોરમનું 7મું વાર્ષિક આંતરરાષ્ટ્રીય સંમેલન યોજાઈ રહ્યું છે. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે તબીબી શિક્ષણ, સંશોધન અને વૈશ્વિક સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ઉભરતા ભારતના આરોગ્ય નીતિ અને તબીબી પરિદ્રશ્ય પર પણ પ્રકાશ પાડ્યો. ભારત, નેપાળ, શ્રીલંકા, મલેશિયા અને બ્રિટનના ચિકિત્સકો અને સંશોધકો સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

. . . . . . . . . .

# Nehal Modi arrested

અમેરિકન ન્યાય વિભાગે ભારતીય અધિકારીઓને જાણ કરી છે કે ભાગેડુ આર્થિક ગુનેગાર નીરવ મોદીના ભાઈ નેહલ મોદીની ગઈકાલે અમેરિકી અધિકારીઓએ ધરપકડ કરી છે.

નેહલ મોદી દેશના ઇતિહાસના સૌથી મોટા બેંકિંગ કૌભાંડોમાંના એક, અબજો ડોલરના પંજાબ નેશનલ બેંક છેતરપિંડી કેસમાં સંડોવાયેલો છે, અને ભારતમાં વોન્ટેડ છે. ED અને CBIએ હાથ ધરેલી તપાસમાં જાણવા મળ્યું છે કે નેહલ મોદીએ નીરવ મોદી વતી ગુનામાંથી મળેલી રકમને લોન્ડરિંગ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેના પર શેલ કંપનીઓ

અને વિદેશી વ્યવહારોના નેટવર્ક દ્વારા મોટી માત્રામાં ગેરકાયદેસર નાણાં છુપાવવામાં અને ટ્રાન્સફર કરવામાં મદદ કરવાનો આરોપ છે.

પ્રત્યાર્પણની કાર્યવાહીમાં આગામી સુનાવણી આ મહિનાની 17મી જુલાઇએ યોજાશે.

..........

# Bihar Lalu President

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતા લાલુ પ્રસાદે આજે રાષ્ટ્રીય જનતા દળના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો. તાજેતરમાં યોજાયેલી પાર્ટી સંગઠનાત્મક ચૂંટણીમાં, તેઓ 13મી વખત પાર્ટીના પ્રમુખ તરીકે ચૂંટાયા.

..........

# CBI- Railway officer Arrested

CBI એ ઉત્તર પ્રદેશના સંભલમાં ઉત્તર રેલવેના સહાયક ડિવિઝનલ એન્જિનિયર અને તેમના ગૌણ ટ્રેકમેનની ફરિયાદી પાસેથી લાંચ લેતા ધરપકડ કરી છે.

CBI એ જણાવ્યું હતું કે ફરિયાદના આધારે બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપી સહાયક ડિવિઝનલ એન્જિનિયરે

ખાનગી કંપનીના બાકી બિલો ચૂકવવા માટે 2 ટકા કમિશનની અયોગ્ય માગણી કરી હતી.

. . . . . . . . . . .

# Rev. Squash Medal

ભારતના અનાહત સિંહે સ્ક્વોશની ફાઇનલમાં હોંગકોંગ ચીનના ચેઉંગ ટી.સી.ને ૩-0થી હરાવીને એશિયન અંડર-19 સ્ક્વોશ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો. તેણે આજે દક્ષિણ કોરિયાના ગિમચેઓનમાં 11-7, 11-2, 11-8ના સ્કોર સાથે સીધી રમતોમાં જીત મેળવીને સુવર્ણ ચંદ્રક જીત્યો.

અંડર-17માં, આર્યવીર દીવાને એશિયન જુનિયર સ્ક્વોશ ચેમ્પિયનશિપમાં અંડર-17 છોકરાઓનો ખિતાબ જીતીને ભારત માટે ઇતિહાસ રચ્યો.

. . . . . . . . . . .

# TRAMP TERIF

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કરવેરા ઘટાડવા અને સંરક્ષણ ખર્ચ વધારવા માટે 'વન બિગ બ્યુટીફુલ બિલ' નામના ઐતિહાસિક બિલ પર હસ્તાક્ષર કર્યા. શ્રી ટ્રમ્પે કહ્યું કે આ બિલમાં અમેરિકાના ઇતિહાસમાં

સૌથી મોટો કર, ખર્ચ, અને સરહદ સુરક્ષા રોકાણ છે. અગાઉ, રિપબ્લિકન બહુમતી ધરાવતા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે બિલને મંજૂરી આપી હતી.

દરમિયાન, શ્રી ટ્રમ્પે જાહેરાત કરી છે કે તેમણે 12 દેશોને પત્રો લખ્યા છે જેમાં તેમણે અમેરિકામાં નિકાસ કરતા માલ પર વિવિધ સ્તરના ટેરિફની રૂપરેખા આપી છે. તેમણે આ દરખાસ્તોને 'લો અથવા છોડી દો' દરખાસ્તો તરીકે વર્ણવી હતી.

શ્રી ટ્રમ્પે કહ્યું કે પત્રોમાં વિવિધ ટેરિફ દર અને રકમ શામેલ છે. તેમણે સંકેત આપ્યો કે કેટલાક ટેરિફ 70 ટકા સુધી વધી શકે છે અને આ વર્ષે પહેલી ઓગસ્ટથી અમલમાં આવી શકે છે.

. . . . . . . . . .

# BIS- Helmet

ગ્રાહક બાબતોના વિભાગ અને ભારતીય માનક બ્યુરો-BIS એ દેશભરના ગ્રાહકોને ફક્ત BIS-પ્રમાણિત હેલ્મેટનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. વિભાગે BIS પ્રમાણપત્ર વિના હેલ્મેટના ઉત્પાદન અથવા વેચાણ સામે કડક કાર્યવાહી કરવાની પણ હાકલ કરી છે.

દેશમાં 21 કરોડથી વધુ દ્વી ચક્રી વાહનચાલકોની સલામતી સર્વોપરી છે. મોટર વાહન અધિનિયમ, 1988 હેઠળ, દ્વી ચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજિયાત છે.

. . . . . . . . . .

# Murugan-Kerala tour

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગને કહ્યું છે કે દેશના સામાન્ય લોકોને શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આયુષ્માન ભારત યોજના અત્યંત ફાયદાકારક છે. તેમણે આજે તિરુવનંતપુરમમાં શ્રી ઉથ્રાડોમ તિરુનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના 14મા દીક્ષાંત સમારોહનું ઉદ્ઘાટન કરતી વખતે આ વાત કહી હતી. તેમણે કહ્યું કે છેલ્લા 10 વર્ષમાં દેશમાં મેડિકલ કોલેજોની સંખ્યા 387 થી વધીને 776 થઈ ગઈ છે. ભારતમાં આરોગ્ય વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ છે.

. . . . . . . . . . .

# Piyush Goyal Union Minister

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારતની નીતિઓ 2047 સુધીમાં દેશને 4 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થાથી 32 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થામાં પરિવર્તિત કરવા માટે તૈયાર છે.

શ્રી ગોયલે આજે બેંગલુરુમાં આયોજિત IIT મદ્રાસના 'સંગમ 2025' વૈશ્વિક નવાચાર અને એલ્યુમની સમિટમાં આ વાત કહી હતી. તેમણે કહ્યું કે સરકારની દૂરંદેશી નીતિઓએ ભારતને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે સ્થાપિત કરી દીધી છે. ભારત 2028 સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા જઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત હવે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. શ્રી ગોયલે

કહ્યું કે સરકારની નીતિઓ અને કાર્યક્રમો ભારતને ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યા છે જેમાં ભારત ટેકનોલોજી અપનાવીને કૃત્રિમ બુદ્ધિમત્તા, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને અન્ય ટેકનોલોજીના ક્ષેત્રોમાં નેતૃત્વ કરશે.

. . . . . . . . . . .